ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*જમીનો અને સરકારી સંપત્તિ વેંચતા રહો!*
*પ્રજાની સમસ્યાઓથી સદા આંખ મિંચતા રહો!*
*સિંચતા રહો ઉદ્યોગપતિને ગરીબોનું લોહી -*
*અન્ય પક્ષોના ચૂંટાયેલા સભ્યોને ખેંચતા રહો!*
*(પારદર્શી વહીવટનું સુશાસન)*

### હાઈકુ

*બાપ કમાઈ,*
*બલિદાનો વટાવી*
*કાઢો જિંદગી!*

*ખાવ મલાઈ -*
*ખાનગી કરણથી*
*કરો શાસન*

### ચિંતન

*અનૃતં સાહસં માયા મૂર્ખત્વતિલુબ્ધતા ।*
*અશોચત્વં નિર્દયત્વં સ્ત્રીણાં દોષા સ્વભાવની : ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**અસત્ય બોલવું, વિચાર્યા વગર કાર્ય પ્રારંભ કરવું, અધિક સાહસ કરવું, છળકપટ કરવું, મૂર્ખતા પૂર્ણ કાર્ય કરવું, લોભ કરવો. અપવિત્ર રહેવું અને નિર્દયતા આ બધા સ્ત્રીઓના સ્વાભાવિક દોષ છે.**

**સ્ત્રીઓ ઘણીવાર પોતાની શક્તિથી વધારે સાહસ કરે છે. આ દોષો અધિકાંશ અશિક્ષિત સ્ત્રીઓમાં હોય છે. પરંતુ વર્તમાન કાળમાં સ્ત્રીઓ શિક્ષિત થઈ રહી છે.**

**સ્ત્રી સ્વભાવે હિંમતવાન, સાહસી અને નિર્ણાયક શક્તિમાં અપૂર્વ હોય છે. ચાણક્ય બુદ્ધિ અને બધી બાબતમાં ચંચળતાભર્યો ઉત્સાહ હોય છે.**

**પણ આ બાબતોના અતિરેકથી હાર પણ થાય છે ને માર ખાઈ જાય છે.**

### સુવિચાર

- કરમ કી ગઢરી લાદ કે જગ મેં ફિરે ઈંસાન, જૈસા કરે વૈરા ભરે, વિધિ કા યહી વિધાન,
  કર્મ કરે કિસ્મત બને જીવન કાર્ય મર્મ, પ્રાણી તેરે ભાગ્ય મેં, તેરા અપના કર્મ - **સંત કબીર**
- જીવાઈ ચૂકેલી ક્ષણ જયારે યાદ બનીન અનુભવાય...
  ત્યારે જિંદગીનું મૂલ્ય્ સમજાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- રાત અંધારી હોવા છતાં આવકારદાયક છે,
  કારણ કે આવી કાળી રાત્રે જ આપણે સપનાં જોવાની હિંમત કેળવી શકીએ છીએ - **ચિત્રલેખા**
- માણસ જેમ જેમ ઈશ્વરની શક્તિને સ્વીકારવા લાગે છે તેમ
  તેમ એનામાં ડહાપણ આવવા લાગે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- કોઈ પણ કાર્ય પાછળ જહેમત કરો ત્યારે હોઠ બીડેલા રાખો - ચૂપ રહો.
  અવાજ કરવાનું કામ તો તમારી સફળતા કરશે - **શ્રીધર ત્રિવેદી**
- જે બીજાને જાણે તે શિક્ષિત, પણ પોતાને ઓળખે તે બુદ્ધિમાન - **ઓશો**
- આજનું ઔષધ : સરકાને રૂમાં ઘા પર લગાડવાથી જખમમાંથી નીકળતું લોહી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સીદો સાદો સરળ સ્વભાવનો એક ખેડૂત હતો. કુસંગ થવાથી થોડા દિવસથી તેણે અફીણનું વ્યસન થઈ ગયું. તે પોતે આ વ્યસનથી કંટાળી ચક્યો હતો. તે ગામના મંદિરના પૂજારી પાસે અફીણના વ્યસનથી છૂટવાનો ઉપાય પૂછવા ગયો. પૂજારીએ એને સાંભળ્યો અને કહ્યું, 'બોલો, તમે કેટલું અફીણ તમારે રોજ જોઈએ છે??' ખેડૂતે કહ્યું, 'મહારાજ, મને રોજ આઠ આની ભાર અફીણ જોઈએ છે.'

પૂજારીએ કહ્યું, 'લો આ કોલસાનો કટકો. જયારે અફીણની તલબ લાગે ત્યારે એક વહેંત જેટલો આ કોલસાનો લિસોટો કરવાનો. એટલો ભૂકો જેટલું અફીણ જ તમારે રોજ લેવાનું છે.'

પેલો ખેડૂત ઘરે ગયો. એમણે પૂજારીના કહ્યા મુજબ વર્તવા લાગ્યો. ધીમે ધીમે લીસોટા પ્રમાણે કોલસો ઘસાતો ગયો અને પેલા ખેડૂતનું અફીણનું પ્રમાણ પણ ઓછું થતું ગયું.

છેવટે કોલસો પૂરો થઈ ગયો અને પેલા ખેડૂતનું અફીણનું વ્યસન પણ છૂટી ગયું.

# લોકડાઉન હવે, પોસાય નહિ....

### તંત્રીસ્થાનેથી...

ફરી એકવાર આપણે વિકરાળ માણસખાઉ વાઈરસનાં જડબાંની રકતલીલા નિહાળી રહ્યા છીએ. મહારાષ્ટ્રમાં તેણે મહાતાંડવ મચાવી દીવું છે. નાગપુરમાં 'હાર્ડ' લોકડાઉન નાખવુ 'પડ્યું છે. મુંબી મહાનગરપાલિકાએ પણ કડકાઈપૂર્વક કામ લેવાનું શરૂ કર્યું છે. ભોપાલ, ઈન્દોર અને જબલપુરમાં હવે દર રવિવારે સમગ્ર લોકડાઉન કરવાનો નિર્ણય કરાયો છે. દિલ્હીમાં પોઝીટીવીટીનો રેટ વધ્યો છે. પંજાબમાં ૩૧ માર્ચ સુધી શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. સિનેમાહોલમાં ૫૦ ટકા ક્ષમતાની મંજૂરી અપાઈ છે. કેરળમાં કોરોનાના કેસનો આંક ૧૧ લાખને પાર કરી ચૂક્યો છે. કર્ણાટકમાં એક્ટિવ કેસ ૧૨ હજારથી વધારે થઈ ગયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૦૦થી વધુ કેસો નોંધાયા છે. આખા દેશમાં સારા થનાર કરતાં એક્ટિવ કેસ વધારે નોંધાતા માંડ નિયંત્રણમાં આવેલા મહામારીનો બીજો રાઉન્ડ પહેલાં કરતાં વધુ બિહામણો વરતાઈ રહ્યો છે. આમ જનતાની જેમ હવે નેતાઓ એક પછી એક કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે. વડોદરાનાં સાંસદ રંજનબેટ ભટ્ટ કોરોનાની વેક્સીન લીધા પછી પણ કોરોનાગ્રસ્ત થયાં છે. અનેક ધારાસભ્યો, અગ્રણી કાર્યકરો 'પોઝીટીવ' થતાં કયાંક હોસ્પિટલમાં દાખલ થઈ ગયા છે તો કોઈ કોઈ પોતપોતાની રીતે એકાંતવાસ સેવી રહ્યા છે. ટૂંકમાં, વસંત ઋતુના પ્રારંભ સાથે કોરોના વાઈરસ પણ પૂરબહાર ખીલી રહ્યો છે. બહુ જ વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયા છીએ આપણે. આપણે જ જેમ, સમસ્ત દુનિયા અત્યારે કોરોનાના બીજા કે ત્રીજા રાઉન્ડના સકંજામાં કણસી રહ્યા છે. યુરોપના અનેક દેશોમાં કયાંક આંશિક તો કયાંક સંપૂર્ણ લોકડાઉન જેવી સ્થિતિ પ્રવર્તે છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ખોંખારીને કહ્યું છે કે કયાંય દિવસનો કરફ્યુ કે લોકડાઉન નહીં નાખવામાં આવે, પરંતુ જો વાઈરસ આ જ તેજ ગતિએ પ્રસરતું રહ્યું તો બીજો વિકલ્પ જ કયાં છે ? રસીકરણ તેજ ગતિથી ચાલી રહ્યું છે અને એટલી જ તીવ્ર ગતિએ કોરોના ટેસ્ટિંગ પણ વધારાઈ મુકાશે, પરંતુ રસીકરણ પછી કોરોના નિયંત્રણમાં આવતાં ઘણી વાર લાગશે. સિત્તેર ટકા લોકોનું રસીકરણ કોઈ રમતવાત નથી. દેશની વિશાળ જનસંખ્યા જોતા એને ઘણો લાંબો વખત લાગી શકે છે. વળી કોરોનાની નવી સ્ટ્રેન વધારે ખતરનાક છે. એમાં પેલાં જૂના અને જાણીતાં લક્ષણો નથી વરતાતાં. ઉધરસ, તાવ, શરદી કે માથું દુઃખવું જેવાં લક્ષણોની જગ્યાએ લોકોને પેટમાં દુઃખાવો થાય છે. કોરોના કાચીંડાની જેમ રંગ બદલી રહ્યો છે. એની સામે માનવજાત પોતાની તમામ તાકાત લડાવી ઝઝૂમી રહી છે. કોઈ નજૂમી કહી શકતો નથી કે કોરોનાનો કોપ સમૂળગો કયારે સમાપ્ત થશે. એથી સૌથી વધુ મુશ્કેલી શિક્ષણક્ષેત્રે સરજાઈ છે. શાળા કૉલેજો તક્કાવાર ખૂલવા લાગી હતી તે ફરી પાછી બંધ કરવી પડી છે. ઓફલાઈન શિક્ષણ તો નાછૂટકે સ્વીકારવું પડે છે. એમાં ઝાઝી ભલીવાર પણ નથી આવતી. ધંધા રોજગાર ચાલુ રાખ્યા વગર ખાવાના સાંસા પડે એમ છે, એટલે લોકડાઉન નથી લોકને પોસાતું કે નથી સરકારને એનો અમલ કરાવવાનું ગમતું. એ તો છેલ્લો વિકલ્પ છે. શ્રેષ્ઠ ઉપાય છે કોરોનાની સ્ટાન્ડર્ડ ગાઈડલાઈનનું અમલીકરણ અને રસીકરણ.

# પત્નીને પતિ સાથે રહેવા મજબૂર ના કરી શકાય : સુપ્રિમ કોર્ટ

### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી



સુપ્રિમ કોર્ટે તાજેતરમાં ચુકાદો આપતા જણાવ્યું છે કે, પત્ની એ કોઈની અંગત સંપત્તિ નથી. પત્નીને મજબૂર ના કરી શકાય કે તે પતિ સાથે જ રહે. અરજદારે અરજી કરી જણાવ્યું હતું કે, નામ. કોર્ટ પત્નીને પોતાની સાથે રહેવા માટે આદેશ કરે. ન્યાયાધીશ એસ.કે.કૌલ અને હેમંત ગુપ્તાની ખંડપીઠે જણાવ્યું છે કે, આપણે આ પ્રકારનો આદેશ આપી શકીએ? શું પત્ની અંગત સંપત્તિ છે કે જે તમારી સાથે જવાની છૂટ આપી શકાય ?

ફેમીલી કોર્ટે પતિના પક્ષમાં ચુકાદો આપ્યો હતો જે નામ. સુપ્રિમ કોર્ટે તે ચુકાદો બદલી નાખેલ.

સમગ્ર વિવાદના મૂળમાં વૈવાહિક અધિકારની પુનઃસ્થાપના માટેનો હુકમ છે. જે ગોરખપુરની ફેમીલી કોર્ટે ૨૦૧૯માં આપ્યો હતો.

મહિલાએ નામ. કોર્ટને જણાવ્યું કે, તેના લગ્ન ૨૦૧૩માં થયા બાદ પતિએ દહેજ માટે તેના ઉપર ત્રાસ આપ્યો હતો અને મજબૂરીથી પોતે અલગ રહેવા લાગી હતી. ૨૦૧૫માં જ્યારે તેણે ભરણપોષણ માટે કેસ કર્યો હતો ત્યારે ગોરખપુર કોર્ટે તેના પતિને મહિને રૂા. ૨૦,૦૦૦/- ભરણપોષણ ચુકવવા માટે હુકમ કરેલ. ત્યારબાદ પતિએ લગ્નજીવનના અધિકારની પુનઃસ્થાપના માટે ફેમીલી કોર્ટમાં અરજી ગુજારેલ જેમાં કોર્ટે પતિની તરફેણમાં ચુકાદો આપેલ.

દાંપત્ય અધિકારોની બહાલીનો નિર્ણય થતા જ પતિ ફરી અદાલતમાં ગયો અને આ સમયે તેની સમસ્યા ભરણપોષણના ચુકવણીની હતી. જ્યારે પત્ની સાથે રહે તો ભરણપોષણ કઈ વાતનું? તેમ જણાવતા અલ્હાબાદ કોર્ટે તેમની અરજી ફગાવી હતી. ત્યારબાદ સુપ્રિમ કોર્ટના દરવાજા ખખડાવતા સુપ્રિમ કોર્ટે ચુકાદો આપતા જણાવ્યું કે, પત્ની કોઈની અંગત સંપત્તિ નથી.

પત્નીએ નામ. કોર્ટને જણાવ્યું કે, પતિની આખી રમત ભરણપોષણ ના ચૂકવવાની છે. પતિના વકીલે કોર્ટને જણાવ્યું કે, તેમણે પત્નીને પતિ સાથે રહેવા જણાવવું જોઈએ. ત્યારબાદ કોર્ટે જણાવ્યું કે, શું પત્ની કોઈની સંપત્તિ છે કે તેને તેની મરજી વિરૂધ્ધ પતિ સાથે રહેવા હુકમ કરી શકાય? શું પત્ની કોઈની ગુલામ છે ? ખંડપીઠે પતિની લગ્નજીવનના અધિકારની પુનઃસ્થાપના ની અરજી ફગાવી દિધેલ અને પત્નીને બાકીનું ભરણપોષણ તાત્કાલીક ચુકવવા પતિને હુકમ કરેલ.

વર્ષ ૨૦૧૮ માં પણ નામ. સુપ્રિમ કોર્ટે આવી જ ટીપ્પણી કરતા જણાવ્યું હતું કે, પોતાના પતિ વિરૂધ્ધ ક્રુરતાની ફરીયાદમાં પત્ની પતિ સાથે રહેવા માંગતી ઈચ્છતી ન હતી. જ્યારે પતિ પત્નીની સાથે રહેવા માંગતો હતો. આ અરજ પણ નામ. સુપ્રિમ કોર્ટે ફગાવી દીધેલ.

પત્ની પોતાની રીતે રહેવાનો હક્ક અધિકાર છે અને પતિ જે લાઈફ સ્ટાઈલ ભોગવતો હોય તે રીતે પત્નીને રાખવા માટે બંધાયેલ છે. ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ, ૨૦૦૫ ની કલમ : ૨ થી ૧૮ મુજબ પત્ની પતિ તથા બાળકોનું ભરણપોષણ તથા રહેવા માટે મકાન અલગથી પતિ પાસે માંગી શકે છે. તેમજ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ : ૧૨૫ મુજબ પણ ભરણપોષણ જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં માંગી શકે છે.

નામ. સુપ્રિમ કોર્ટના આ હુકમથી પતિઓ દ્વારા હિન્દુ મેરેજ એક્ટની કલમ : ૯ મુજબ લગ્નજીવનના હક્કોની પુનઃસ્થાપનાની અરજીઓ ઉપર હવેથી નીચલી કોર્ટ કે ફેમીલી કોર્ટ પત્નીની રજા સંમતિ સીવાય પરાણે પતિ સાથે રહેવા જવાની અને લગ્ન જીવનના હક્કો ભોગવવાનો હુકમ કરી શકશે નહી. કલમ : ૯ ની અરજમાં પણ પત્ની પતિ સામે ભરણપોષણ તથા ખર્ચની રકમની માંગણી કરી શકે છે અને નામ. કોર્ટ તે પતિને અપાવે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# ...પહેલાં એ ગુમરાહ હતો - હવે હું ગુમરાહ થઈ રહ્યો છું

### WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી



**મારી બેઠક કયા હતી હતી એ પણ બતાવી દેત હું,**
**શું કરું ઓ દોસ્ત, કે આજે એ મહેફિલ પણ નથી**
**એ દિવસ મારા હૃદયની પણ ગરીબીનો હતો,**
**જે દિવસે લાગ્યું હતું... હું એનો કાબિલ પણ નથી**
**- બરકત વિરાણી 'બેફામ'**

●●●

કાલે ત્રીજી વાર માસ્તર જાનકીદાસે મને ખબર આપી કે , હાજર રહેતો નથી. છોકરો ગુમરાહ થઈ જશે.'' એટલે આજે ભોજન નિશાળનો થેલો ખભે લટકાવ્યો કે ચુપકીદીથી હું પણ તેની પાછળ પાક સ્કૂલની સડકને બદલે શાહજાદાએ બીજો જ રસ્તો પકડ્યો !

ચાલતાં ચાલતાં અમે ગામ બહાર નીકળી ગયા. એ એની ધનમાં એણે પાછા વળીને એક વાર જોયું પણ નહીં. સીટી વગાડતો, ક્યારેક પથ્થર વડે ઠોકરો મારતો આગળ ધપે જ જતો હતો. સુવરનો બચ્ચો ! એ નહોતો આ કે એના આ બૂટ ખરીદવા એના બાપને સવારથી સાંજ સુધી ફાઈલો સાથે કે માથાં ફોડવાં પડતાં હતાં !

મદારીઓના ડેરા નજીક એ પહોંચ્યો, તો પાંચ-છ કૂતરા જોરશોરથી ભસતા એની નજીક લાક્યા. હું ગભરાયો – ક્યાંક એ મારા છોકરાને પગે બચકું ભરી લે તો ! પણ જેવો એ કૂતરાઓની નજીક પહોંચ્યો કે તેઓ દુમ હલાવવા લાગ્યા. ઓહ! મતલબ કે કૂતરા સાથે એને જૂની ભાઈબંધી હતી.

હું ઝાડની આડશે જોઈ રહ્યો હતો. મદારીના એક છોકરાએ ચાર-પાંચ સાપ પરેશને ગળે લટકાવી દીધા. મારો તો શ્વાસ જ અધ્ધર થઈ ગયો ! દિલ ધડકતું. હતું. પણ ધીરે ધીરે સાપ ગળેથી સરકીને બદન પર થઈ ઘાસ પર રમવા માંડ્યા.

પછી પરેશ આગળ વધ્યો. નહેરને કિનારે કેટલાંક બંગાળી ગોવાનીઝ છોકરાં માછલી પકડી રહ્યાં હતાં. આ બધું એ એકીટશે જોઈ રહ્યો હતો. જોવામાં એ એટલો મગ્ન હતો કે હું એનો બાપ એની અડોઅડ જઈને ઊભો રહ્યો તેનોય એને ખ્યાલ ન રહ્યો. એની આંખોમાં ઉત્સુકતા હતી, જીવન પ્રત્યેનો પ્યાર હતો. એ ત્યાંના વાતાવરણમાં લીન થઈ ગયો હતો. આ

એકાએક પરેશની નજર મારા ઉપર પડી અને એનું મોં પડી ગયું. આખરે એને કાંઈ ન સૂઝયું એટલે એણે આંગળી ચીંધી કહ્યું, ''પાપા, આ લોકો માછલી પકડી રહ્યા છે.'' હુંય એની સાથે બેસી ગયો. ન એની સ્કૂલની વાત નીકળી, ન મારી ઓફિસની ! ન મેં એને પૂછ્યું કે, તું શાળાને બદલે આ બાજુ કેમ આવ્યો. ન એણે ધડ કરી કે હું ઓફિસને બદલે આ બાજુ શી રીતે આવી પહોંચ્યો. અમે મિત્રોની માફક અહીંતહીંની હાંકતા રહ્યા. ''ચાલો પાપા, નદીની પેલે પાર જઈએ.'' કહી એ બૂટની દોરી છોડવા લાગ્યો.



''ના બેટા, પગ ભીંજાવાથી તને શરદી થશે.'' કહી મેં એને મારી પીઠ પર બેસાડ્યો અને એણે એના હાથ મારા ગળે લપેટી દીધા.

એનાં ચિંતા-ભય બધું જ ગાયબ થઈ ગયું. એ બોલ્યું જતો હતો : ''પાપા, નદીની પેલે પાર એક પથ્થરફોડો છે. દી આખો બસ પથ્થર ફોડ્યા કરે છે. વળી ત્યાં એક સ્વામીજી પણ છે.''

નદી પાર કરી કે સામે જ સ્વામીજી મળ્યા. ''તમારો છોકરો છે કે ?''

''હા.''

''ઘણો ડાહ્યો ને ભોળો છે. તમારું નામ રોશન કરશે.''

ન જાણે આટલી વાત પર મને એવી ખુશી થઈ કે સ્કૂલથી ભાગેલા એ છોકરા વિશે મને ગર્વ થયો.

નજીકમાં જ થોડાં ઝૂપડાં હતાં. વાસણ માંજતી એક ભરવાડણે કહ્યું, ''ઘણા દિવસે આવ્યો, પરેશ !''

પરેશ એની નજીક જઈ લાડમાં બોલ્યો, ''હા, માસી ! આજે તો મારા પાપા પણ આવ્યા છે.''

પરેશની માસી અમને ચા પિવડાવવા માગતી હતી. પણ અમે ના કહી.

મનોમન હું પરેશને નિશાળેથી ને ભાગી જવાનું સમજાવવા કોશિશ કરતો પણ કાંઈ કહી ન શક્યો. આખરે મેં નક્કી કર્યું કે આજે નહીં, કાલુ-પરમે એને સમજાવી દઈશ.

વરસાદે જોર કર્યું. અમે જેમતેમ ઘેર પહોંચ્યા. આંગણામાં જ ધૂંવાંપૂવાં થતી એની મા ઊભી હતી. એણે મને ઊધડો જ લીધો : ''આખો મહોલ્લો ઘૂમી વળી. પડેલાં તો બેટો જ ભાગતો હતો, હવે તો બાપેય ભાગવા લાગ્યા કે શું ?'

કદાચ એને ગોપીનાથ દ્વારા જાણ થઈ હશે કે આજે હું ઑફિસે નહોતો ગયો. પરેશ મારી સોડમાં ભરાયો - પણ જાણે એ મને એની સોડમાં લઈ લેવા માગતો ન હોય! એને થતું હશે કે એને કારણે જ એના પાપાને આ સાંભળવું પડે છે. કદાચ મારા મનની અંદર સૂતેલા બેટાને જાગૃત થયેલો જોઈ એના મનની ભીતરનો સૂતેલો. બાપ જાગ્યો હતો. પળ બે પળ રહી એ બોલ્યો, ''પાપા, હવે હું ડાહ્યો થઈ ભણ્યા કરીશ, હોં!''

કેટલાય મહિના વીતી ગયા. હવે એ નિયમિત નિશાળે જાય છે. પહેલાં કેટલીય વાર માસ્તરની અને એની માની ધમકીઓની કોઈ અસર એના પર નહોતી થઈ. પણ છેલ્લા પ્રસંગની એના પર ઘેરી અસર થઈ છે. એને થઈ ગયું છે કે એના પાપાને ઠપકામાંથી બચાવવા એણે નિશાળે જવું જ જોઈએ.

બધાં ખુશ છે, માસ્તર જાનકીદાસ ખુશ છે, એની મા ખુશ છે અને હું પણ..હા, પહેલાં પહેલાં મનેય ખુશી થઈ હતી. પણ હવે....

રાતના નવ વાગી ચૂક્યા છે. બારીમાંથી વીજળી ચમકતી દેખાઈ રહી છે. આગિયા ઝબૂકી રહ્યા છે. મલયાનિલ લહેરાઈ રહ્યો છે. પરેશ ટેબલ-લેંપ પાસે પુસ્તકોમાં આંખો પરોવી બેઠો છે. પણ મારા મનના અંતસ્તલમાં હલચલ મચી રહી છે. જીવને થાય છે કે એ નિશાળમાંથી ભાગી છુટે. હું ઑફિસમાંથી, અને અમે બાપવ આખી દુનિયાને અંગઠો દેખાડી જંગલોમાં ઘૂમતા રહીએ ! પણ આ વાત હું ન કહી શકતો નથી. પહેલાં એ ગુમરાહ હતો – હવે હું ગુમરાહ થઈ રહ્યો છું.

**"હરિશ્ચંદ્ર'**

**(બલવંતસિંહની હિંદી વાર્તાને આધારે)**

Last Seen :

**હું વિતાવું તો બને છે જિંદગી બોજા સમી,**
**ખુદ વીતે છે એમ જાણે કોઈ મુશ્કિલ પણ નથી....**
**હા, હવે બેફામ સાચેસાચ હું ગુમરાહ છું,**
**શોધું છે એને હવે જે મારી મંઝિલ પણ નથી.**
**- બરકત વિરાણી 'બેફામ'**

- nehalgadhavi101@gmail.com

# વૃદ્ધ થવું એટલે સમૃદ્ધ થવું

### નવી સવાર

રમેશ તન્ના



આ પૃથ્વી પરનો દરેકે દરેક વૃદ્ધ સમૃદ્ધ જ હોય છે. જે વૃદ્ધ છે તે સમૃદ્ધ છે એ વિધાન ખોટું છે. સાચું વિધાન છેઃ જે સમૃદ્ધ છે તે વૃદ્ધ છે. વૃદ્ધ શબ્દ આવ્યો છે વૃદ્ધિ પરથી અને વૃદ્ધિ શબ્દ હકારાત્મક શબ્દ છે. જે વૃદ્ધિ પામે છે તે વૃદ્ધ.

વૃદ્ધ રહીને સમૃદ્ધ રહેવા માટેની કેટલીક શરતો છે. જે વ્યક્તિ આ શરતોનું પાલન કરે છે તે આજીવન સમૃદ્ધિ સાથેનું લીલુછમ વૃદ્ધત્વ પામે છે. આ શરતો સાવ જ સરળ છે. તેના માટે કોઈ રકમ ખર્ચવાની નથી. તેના માટે કોઈ બાધા કે માનતા રાખવાની નથી. ના, ભાઈ ના તેના માટે કોઈ યાત્રા કરવાની પણ આવશ્યકતા



નથી. શું કહ્યું? ટેસ્ટ? રિપોર્ટ? ના,મારા સાહેબ ના, એવું કશું કરવાની કોઈ જરૂર નથી. તો જરૂર શેની છે? લો.. વાંચો...

(૧) છોડો તમામ પ્રકારની અપેક્ષાઓઃ વૃદ્ધ બનીને સમૃદ્ધ રહેવું છે? પહેલી શરત છે અપેક્ષાઓ છોડો. કવિ હરિન્દ્ર દવેના કાવ્યની એક સરસ પંક્તિ છે. ક્યારેય કોઈનો પ્રેમ ઓછો હોતો નથી, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે. કેવી સરસ વાત છે. મોટા ભાગની સમસ્યાઓ અપેક્ષામાંથી જ જન્મતી હોય છે. અપેક્ષા રાખીએ તો દુઃખ થાય ને! જો અપેક્ષાઓ રાખીએ જ નહીં તો? ના રહેગા બાંસ, ના બજેગી બાંસુરી.

(૨) તમે કોઈ કશું પૂછશો નહીંઃ મોટા ભાગના વૃદ્ધોની મોટામાં મોટી તકલીફ હોય છે, મને કોઈ પૂછતું નથી. વહુ દાળમાં મસાલો કરે ત્યારે અને દીકરો ધંધામાં કોઈ નવું ડીલ કરે ત્યારે તમને ના પૂછે તો મરચાં લાગી જતાં હોય તો માનજો કે તમે સમૃદ્ધ વૃદ્ધ નથી, જૂના-પુરાણા ઘરડા છો. જીવનમાં સુખી થવું હોય અને બીજાંને પણ સુખી કરવા હોય તો 'મને કોઈ પૂછતું નથી'ને બદલે 'મને કોઈ પૂછશો નહીંહ્ન નો મંત્ર અમલમાં મૂકો. 'મને કોઈ પૂછશો નહીં' એવું કહેશો એટલે લોકો વધારે પૂછવા આવશે. આમ છતાં તમારે સહેજે ચલિત થવાનું નથી. મક્કમ રહેવાનું છે.

(૩) ખોટું ના લગાડશો, રીસના ચડાવશોઃ ઘણા લોકો ઉપરથી ખોટું લગાડવાનું ટેન્ડર ભરીને, પ્રભુ પાસે સહી કરાવીને, પાકા પાયે મંજૂર કરાવીને જ આ પૃથ્વી પર આવ્યા હોય છે! આવા લોકોને વાતે વાતે વાંકું પડે છે. તેમને કોઈ પણ બાબતમાં તરત જ ખોટું લાગી જાય છે અને નવો શ્વાસ લે એ પહેલાં તો તેમને રીસ ચડી જતી હોય છે. તમે જોજો, તમારી આસપાસ આવા ઘણા લોકો હશે. આવા લોકો દુઃખી થાય છે અને દુઃખી કરે પણ છે. ઘણા વૃદ્ધ લોકોમાં પણ આવી કુટેવ જોવા મળે છે. જયારે જુઓ ત્યારે ઉતરેલી કઢી જેવું મોં કરીને, મોં ફૂલાવીને બેઠા હોય. કાંઈ પૂછીએ તો આડું જ બોલે.. આવું ના કરો મારા ભગવાન. ભગવાને સરસ જીવન આપ્યું છે તો તે માણો સરસ રીતે. ખોટું લગાડતા અને રીસ ચડાવતા લોકો ખરંખર તો ઈમોશનલ બ્લેક મેઈલિંગ જ કરતા હોય છે. આ બધુ બાળકો કરે. (હવે તો બાળકો પણ સુધરી ગયાં છે, તેઓ પણ આવું કરતાં નથી.)

(૪) તન અને મનને સ્વસ્થ રાખોઃ સદીઓ પહેલાં કોઈ વૃદ્ધે જ કહ્યું હશે કે પહેલું સુખ તો જાતે નર્યા. તન અને મનથી સ્વસ્થ રહો. જે રોગ શરીરમાં ઓલ રેડી મહેમાન બનીને પધારી ચૂક્યા છે તેને મિત્ર બનાવો. ડાયાબિટિસ, કોલોસ્ટોલ કે બીપી કે પછી અન્ય કોઈ રોગ. વારસામાં મળેલા થોડાક રોગને બાદ કરતાં મોટા ભાગના રોગને આપણા શરીરમાં પ્રવેશ આપવા આપણે ભારે પરિશ્રમ કર્યો છે. વારંવાર કંકોતરીઓ લખીને, તેમને આમંત્રણ આપી આપીને આપણે બોલાવ્યા છે. દરેક રોગ સ્વમાની હોય છે અને લાખ આમંત્રણ વિના તે કોઈનાય શરીરમાં આવતો નથી. આપણે તેમને બોલાવી જ લીધા છે તો હવે તેમને સાચવવાના. તેમને મિત્ર બનાવવાના. તેમનું ધ્યાન રાખવાનું.

કસરત, ધ્યાન અને યોગઃ તન અને મનને સ્વસ્થ રાખવા, વગર પૈસે અનેક અસરકારક રસ્તાઓ ઉપલબ્ધ છે. તેનો નિયમિત અમલ કરવાનો.

(૫) હસો, હસી કાઢોઃ હાસ્ય એ આ વિશ્વની સૌથી મોટી ઓષધિ છે. નિયમિત હસતા રહો અને હસાવતા રહો. આપણું નામ હસમુખ ના હોય તોય આપણે હસી તો શકીએ જ ને! વાતે વાતે હસો. હસવાની ટેવ પાડો. બીજી એક વાત.. હસી કાઢો. જવાહરલાલ નહેરૂએ એક વખત ગાંધીજીને ફરિયાદ કરી હતી કે મારા મંત્રીઓ મને ગાંઠતા નથી. કેબિનેટની બેઠકમાં જાતભાતના સવાલો પૂછીને મને હેરાન કરે છે. બાપુએ તેમને કહ્યું કે સરદારની જેમ કેટલીક બાબતોને હસી કાઢતાં શીખો. એક ઉદાહરણઃ દાળમાં મીઠું વધુ પડ્યું છે. બમણું છે. બૂમો ના પાડશો. ફરિયાદ ના કરશો. હસતાં હસતાં ધર્મપત્ની કે પુત્રવધુને કહો કે આજકાલ મીઠાની કંપનીઓ તો જુઓ. પોતાના મીઠાની ખારાશ બમણી કરી દીધી છે. જે કહેવું છે તે કહેવાઈ જશે અને છતાં કોઈને હર્ટ નહીં થાય.

(૬) ડર કાઢી નાખોઃ માણસને મોટા ભાગે કાલ્પિનક ડરથી ઘણું નુકશાન થાય છે. બિમારીનો ડર, મૃત્યુનો ડર કે મને કશુંક થઈ જશે તેનો ડર. આ બધા જ કાલ્પિનક ડર છે. ડરથી ડરશો નહીં. ડરકે આગે જીત હોય કે નહીં જીવન તો છે જ.

**છાંયડોઃ**

જે સુખ પ્રારંભમાં એટલે કે ભોગવતી વખતે અમૃત જેવું લાગે, પણ પરિણામે ઝેર જેવું હોય, તે સુખને ભગવદ્ ગીતાએ ટાળવા જેવું ગણ્યું છે..

કાકાસાહેબ કાલેલકર
('પરમ સખા મૃત્યુ' પુસ્તકમાંથી)